## મકાનની માલિકી તો ખરી પણ મકાનમાં સ્થિતિ 'નો રૂમ'ની !!

ગાંધીનગરમાં ૧૬૩૪ પરિવારો મકાનના માલિક તો છે પરંતુ મકાનમાં કોઈ અલગ રૂમ જ નથી. આ પૈકી ૩૬૯ પરિવારો એવા છે કે જેમના કુટુંબમાં સભ્ય સંખ્યા ૬ કે ૮ સભ્યોની છે. તો ૨૯૧ પરિવારો એવા છે કે જેમની સભ્ય સંખ્યા પાંચની હોવા છતાં અલાયદા ઓરડાની સ્વતંત્રતા છે. તેવી જ રીતે ૩૬૩ પરિવારોની સભ્ય સંખ્યા ચાર સદસ્યોની હોવા છતાં મકાન માલિકીમાં કોઈ અલાયદા રૂમની વ્યવસ્થા જ ગેરહાજર છે ! અલબત્ત ગાંધીનગર ગ્રામીણ વિસ્તારની આ માહિતીને ટકાવારીની દષ્ટિએ જોઈએ તો કુલ ૧ લાખ ૪૫ મકાન માલિક પરિવારો પૈકી એક પણ અલાયદા ઓરડાની અગવડ ધરાવતા પરિવારોની ટકાવારી માત્ર ૧.૧૨ ટકા જ થાય છે. જ્યારે ગ્રામીણ ગુજરાતમાં આ સ્થિતિ બમણી છે. ગ્રામીણ ગુજરાતના ૬૨ લાખ પરિવારોમાંથી અલગ ઓરડાની સુવિધા ન હોય તેવા પરિવારોની સંખ્યા ૧ લાખ ૮૧ હજાર એટલે ૨.૮૮ ટકા જેટલી છે. આ દષ્ટિએ ગાંધીનગર ગ્રામ્યની સ્થિતિ થોડી સારી છે એમ કહી શકાય.

અલાયદા ઓરડાની સગવડ હોય અથવા મકાનની માલિકીમાં એકથી વધારે ઓરડા હોય એવી સ્થિતિ આપણે ચકાસીએ તો ૪૫,૯૧૪ પરિવારો પાસે એક રૂમનું મકાન છે. અને ૬૬,૨૮૬ પરિવારો પાસે બે રૂમનું માલિકી મકાન અને ૨૬,૨૩૨ પરિવારો પાસે ત્રણ રૂમના મકાનની માલિકી છે. આ પરિવારોની સભ્ય સંખ્યાના આધારે આપણે વિગતોને સમજવા જેવી છે.




### ગામડા પણ હવે શહેરના માર્ગે

ગાંધીનગર ગ્રામીણ વિસ્તારના કુલ ૧ લાખ ૪૫ હજાર પરિવારો મકાન માલિક તો ખરાં પરંતુ ૪૫,૯૧૪ પરિવારો પાસે માલિકીના મકાન છતાં ઓરડો એક જ છે. તેમની ટકાવારી ૩૧ ટકા જેટલી છે જે દર્શાવે છે કે ગાંધીનગરના ગ્રામીણ પરિવારોમાં દર દસ ગ્રામીણ પરિવારે ત્રણથી વધુ પરિવાર મકાન માલિક હોવાનો સંતોષ લઈ શકે છે પરંતુ આ માલિક પાસે વધારાનો એક પણ ઓરડો નથી. આ પરિવાર માટે દિવાન ખંડ, મહેમાન ખંડ, આરામ ખંડ કે શયન ખંડ જે ગણો તે માત્ર એક જ ઓરડામાં ગણી શકાય એમ છે. તો એવી જ રીતે ૪૫ ટકા પરિવારો એવા છે કે જેમની પાસે બે રૂમની સુવિધા છે, પરંતુ આંકડાઓને બારીકાઈથી ચકાસીએ તો સ્પષ્ટ થાય છે કે આવી સવલત ધરાવતા પૈકીના ૫૨ ટકા કુટુંબો એવા છે જેમની સભ્ય સંખ્યા પાંચથી ૮ સભ્યોની છે. આંકડા એમ દર્શાવે છે કે પાંચથી ૮ સભ્યોની સંખ્યા ધરાવતા પરિવારોને મકાન માલિકીના સંદર્ભમાં જોવામાં આવે તો આવા પરિવારો સૌથી વધુ પ્રમાણમાં છે. એની પાછળનું એક કારણ 'અમે બે અમારા બે'નું પરિવાર કલ્યાણનું સૂત્રની અસર ગણાવી શકાય. તેમ છતાં 'માલિક'ની સ્થિતિમાં પણ તેમની પાસે વપરાશની વ્યવસ્થા મકાનમાં અપૂરતી છે એ પણ સ્પષ્ટ થાય છે.

ગ્રામ્ય ગાંધીનગરના આંકડાઓ એમ પણ દર્શાવે છે કે કુલ ૧ લાખ ૪૫,૧૯૫ મકાન માલિકો પૈકી ૯૫ ટકા મકાન માલિકો એક પણ વધારાનો રૂમ ન હોય તેવા મકાન કે એક જ રૂમના મકાન કે બે રૂમના મકાનની માલિકી ધરાવે છે. શહેર એટલે નાના મકાનો અથવા તો ફ્લેટ-એપાર્ટમેન્ટની દુનિયા અને ગામ એટલે મકાનની વિશાળતા એવી માન્યતા સદંતર ભૂતકાળ બની ગઈ છે એમ કહીએ તો ખોટુ નથી. આંકડાઓને પેલે પાર આખી વાતને જોઈએ તો એક શેર "ન હો કમીજ તો પાંવો સે પેટ ભર લેંગે, યે લોગ કિતને મુનાસિબ હે ઈસ સફર કે લિએ."

# હવે, બીજા તબક્કામાં મેટ્રો ગાંધીનગર પહોંચશે



ગાંધીનગર, તા. ૨૧

મેટ્રો સિટીના બીજા તબક્કામાં ગાંધીનગરના ગિફ્ટસિટી તેમજ મહાત્મા મંદિરને આવરી લેવામાં આવશે. આ પ્રોજેક્ટનો ખર્ચ ૬૮૦૦ કરોડ અંદાજવામાં આવ્યો છે. બીજા તબક્કા માટે કેન્દ્રની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

કેન્દ્ર સરકારે ગિફ્ટસિટી સુધી મેટ્રોરેલ લઈ જવામાં કેટલાક વાંધા ઉભા કર્યા હતા પરંતુ રાજ્યએ બીજા તબક્કાના માર્ગ માટે છ કિલોમીટર લાઈન ટુંકાવી દેતાં તેની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

સુધારેલા વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર)ને કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલયમાં મંજૂરી માટે મોકલવામાં આવ્યો છે. હવે ગિફ્ટ સિટી સાથેના મુખ્ય બીજા તબક્કામાં મેટ્રો લાઈન પર માત્ર બે સ્ટેશન હશે.

મેટ્રો પ્રોજેકટના બીજા તબક્કાની પ્રારંભિક યોજના ઓકટોબર-૨૦૧૭ના રોજ ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી હતી. આ માર્ગની કુલ લંબાઈ ૩૪.૫૯ કિલોમીટર હતી. જેમાં પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (પીડીપીયુ) તરફથી અલગ લાઈન બનાવવામાં આવી હતી. એ ઉપરાંત ગિફ્ટ સિટીમાં કેમ્પસની અંદર ત્રણ મેટ્રો સ્ટેશનોનું નિર્માણ કરવાની યોજના હતી.

કેન્દ્ર સરકારનો બીજા તબક્કાના પ્રોજેક્ટની કેટલીક બાબતો સામે વાંધો હતો, જો કે સરકારે રિપોર્ટમાં આ વાંધો દૂર કર્યો છે. હવે સાબરમતી નદી પાર કર્યા પછી ગિફ્ટ સિટી જે ૮૦૦ એકરમાં ફેલાયેલું છે તેમાં માત્ર ૩૦૦ મીટરનું એક જ મેટ્રો સ્ટેશન બનશે.

સુધારેલા ડીપીઆર પ્રમાણે મેટ્રો રૂટની લંબાઈ ૨૮.૨૬ કિ.મી. થઈ છે. તેમાં બે કોરિડોર હશે. પ્રથમ ૨૨.૮૪ કિલોમીટરની લંબાઈ મોટેરાને મહાત્મા મંદિર સાથે જોડાશે અને બીજી જીએનએલયુ (ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી)થી ૫.૪૨ કિલોમીટર લાંબી શાખા પીડીપીયુ અને ગીફ્ટ સિટીને જોડશે.

બીજા તબક્કાનો ખર્ચ ૨૦૧૭માં ૬૭૫૮ કરોડ થવાનો હતો પરંતુ કિંમત વધતાં હવે ૬૭૬૯ કરોડ થશે. પ્રોજેક્ટમાં વિલંબના કારણે કિંમતમાં વધારો થયો છે. જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી પાસેથી બીજા તબક્કામાં ૩૪૦૦ કરોડની લોન માંગવામાં આવી છે. આ તબક્કે જમીન અને પુનર્વસનની કિંમત ૧૯૪ કરોડ આંકવામાં આવી છે. કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલય દ્વારા બીજો તબક્કો મજૂર થઈ જાય તે પછી આ યોજના ચાર વર્ષમાં પૂર્ણ થવાની ધારણા રાખવામાં આવી છે.

હાલ અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટના પ્રથમ તબક્કાના પ્રથમ છ કિલોમીટરનું ૯૦ ટકા કામ પૂર્ણ કરવામાં આવ્યુ છે. જેની પ્રથમ ટ્રાયલ ડિસેમ્બર-૨૦૧૮ સુધીમાં લેવામાં આવશે. પહેલા તબક્કાની લંબાઈ આશરે ૪૦ કિલોમીટર છે અને તેનું નિર્માણ ૧૦,૭૭૩ કરોડની કિંમતે થઈ રહ્યું છે.

## સરકારી કાર્યક્રમોના ભારણને પગલે જિલ્લાની કચેરીઓની કામગીરી ઠપ્પ

### જિલ્લામાં ૧૫૦૦થી વધુ તુમાર અને નાગરિક અધિકાર પત્રની ૬ હજારથી વધુ અરજીઓ નિકાલ વગર અટવાઈ પડી

ગાંધીનગર, તા. ૨૧

સરકારી કાર્યક્રોના ભારણ વચ્ચે જિલ્લામાં વધતા જતા તુમારો તંત્રની ચિંતા બનીને ઉભરી રહ્યા છે. જિલ્લામાં ૧૫૫૦થી પણ વધુ તુમારો વિવિધ કચેરીઓમાં ઓગષ્ટ અંતિત હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા કલેક્ટર કચેરીમાં જ ૧૫૦૦ જેટલા તુમાર ઉભા થવા પામ્યા છે. આ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી અને પાટનગર યોજના, સહાયક વાણિજ્યવેરા ઘટકની કચેરીઓમાં આ તુમારો ઉભા થવા પામ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે-ત્રણ માસથી જ સરકારી કાર્યક્રમોનું જે રીતે આયોજન થઈ રહ્યુ છે તેને પગલે અધિકારીઓને ઓફિસમાં બેસી ફાઈલોના નિકાલ માટેનો સમય મળવો મુશ્કેલ બની ગયો છે.

જિલ્લાની વિવિધ કચેરીઓમાં અધિકારીઓની વ્યસતતાને કારણે મુલાકાતીઓને પણ નિરાશ થઈ પરત ફરવાની ઘટનાઓ બની રહી છે અને તેનો પડઘો સેવાસેતુમાં જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં સામાન્યતઃ ઓગષ્ટ માસમાં તુમારો પડતર રહેતા નથી પણ આ તુમારો સરકારી કાર્યક્રમોની વ્યસતતાને લઈ વધી જવા પામ્યા હોવાનું જાણવા મળેલ છે.

તંત્રની વ્યસતતાની જ વાત નીકળી છે તો નાગરિક અધિકાર પત્ર અન્વયે જે અરજીઓનો સમય-મર્યાદામાં નિકાલ કરવાનો હોય છે તે પણ થયો નથી.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નાગરિક અધિકાર પત્ર અન્વયે ઓગષ્ટ માસ અંતિત ૬ હજારથી વધુ અરજીઓ નિકાલ થયા વગરની પડતર હતી. જેમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ૧૪૫૦ થી વધુ અરજીઓનો સમાવેશ થાય છે.

આમ સરકારી કાર્યક્રમોની વ્યસતતાને કારણે સરકારી કચેરીઓનું નિયમિત કામ અટવાઈ જવા પામ્યુ છે અને ફાઈલોના ઢગલા થવા પામ્યા છે.

## શરદપૂનમની અસર દેખાઈ : રાત્રી તાપમાનમાં ગીરાવટ

### એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ચાર ડિગ્રીની ગીરાવટ : દિવસે આકરો તડકો અને સાંજે ઠંડક

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં પુનઃ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાનમાં એક જ દિવસમાં ચાર ડિગ્રીનો ઘટાડો જોવા મળતા વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. શરદપૂનમ નજીક આવતા વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે.

નવરાત્રી બાદ ધીમે ધીમે વાતાવરણમાં પલ્ટો આવવાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. વાતાવરણમાં ઝડપી ફેરફાર થઈ રહ્યો છે. છેલ્લા કેટલાય દિવસોથી આકરો તડકો પડી રહ્યો છે. જેના કારણે ગરમી વધી હતી. મહત્તમ તાપમાન છેલ્લા અઠવાડિયાથી ૩૬.૩૭ ડિગ્રીની આસપાસ રહ્યુ હતુ. ગઈકાલે રાતથી વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ૧૮મી તારીખે લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી નોંધાયુ હતુ જે ૧૯ અને ૨૦મી તારીખે ક્રમશઃ ૨૧.૫ ડિ.સે. અને ૨૨.૨ ડિ.સે. નોંધાયુ હતુ. આમ લઘુત્તમ તાપમાન વધ્યુ હતુ. જોકે ગીકાલે રાત્રે અચાનક જ વાતાવરમણાં નોંધપાત્ર ઠંડક ઉમેરાઈ હતી. તાપમાનમાં એક જ દિવસમાં ચારેક ડિગ્રી જેટલી ગિરાવટ આવી હતી.

ગઈ રાત્રે લઘુત્તમ તાપમાન ૧૭.૮ ડિ.સે. સુધી પહોંચી જતાં વાતાવરણમાં ઠંડક અનુભવાઈ હતી. મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન એક દિવસ અગાઉ ૩૬.૨ ડિ.સે. હતુ જે આજે ૩૫.૮ ડિ.સે. નોંધાયુ હતુ.

વાતાવરણમાં ઠંડક પ્રસરતા વસાહતીઓએ રાહત અનુભવી છે. શરદપૂનમ નજીક આવતા વાતાવરણ આહલાદક બનતુ જાય છે. થોડાક સમય અગાઉ ઉત્તરભારતના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થતા તેની અસર પણ જોવા મળી રહી છે. આ વર્ષે ચોમાસુ નબળુ રહ્યુ હોવાથી ભાદરવામાં આકરી ગરમી વસાહતીઓએ સહન કરી છે. હવે ધીમે ધીમે વાતાવરણ આહલાદક બની રહ્યુ છે. જે સારી નિશાની છે. આગામી દિવસોમાં ગરમી હજુ ઘટે અને વાતાવરણમાં ઠંડક વધે તેવી ઈચ્છા સૌ કોઈ રાખી રહ્યા છે.

## ઓડિટ વસુલાત જરૂર પડ્યે રેવન્યુ રાહે કરવા વિકાસ કમિશનરની તાકીદ

ગાંધીનગર, તા. ૨૧

ઓડિટમાં દર્શાવેલી વસુલાત જો સમય-મર્યાદામાં પૂર્ણ નહિ કરવામાં આવે તો જિલ્લાથી માંડી ગ્રામ પંચાયતના જવાબદારો સામે પગલાં લેવાની ચીમકી વિકાસ કમિશનરશ્રી દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

પંચાયતી રાજ સમિતિની બેઠકોમાં વારંવાર ઓડિટ વસુલાતને લઈ તંત્રની થતી ટીકાઓ અને ચિંતા વ્યક્ત કરવામાં આવતાં સરકારે આ માટે સખ્ત વલણ અખત્યાર કરતાં વિકાસ કમિશનરે પણ આ અંગે કડક ચિમકી ઉચ્ચારી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ઓડિટ વસુલાત માટે દરેક જિલ્લાઓને ટાર્ગેટ પણ આપવામાં આવ્યા છે. આવી જ રીતે આ વસુલાતના ટાર્ગેટ તાલુકા અને ગ્રામ્યકક્ષાએ નિયત કરવાની સૂચનાઓ આપવામાં આવી છે.

જરૂર પડ્યે ઓડિટ વસુલાત રેવન્યુ રાહે પણ કરવા માટેની તાકીદ કરવામાં આવી હોવાની વિગતો બહાર આવવા પામી છે.

જો કે તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે કે ઓડિટ વસુલાત કયા પ્રકારની છે તેની સમીક્ષા પ્રથમ કર્યા પછી જ આ સઘળી કામગીરી હાથ ધરવામાં આવશે. જો કે વસુલાતની કામગીરી ડિસેમ્બર ૧૮ પહેલાં પૂર્ણ કરવાનો વિશેષ આગ્રહ રાખવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.



દિપાવલીના આગમનના એંધાણ - ભારતીય સંસ્કૃતિમાં મહાપર્વ તરીકે ઉજવાતા દિપાવલી પર્વની તૈયારીઓ આરંભાઈ ચુકી છે... પ્રકાશ પર્વ તરીકે પણ ઓળખાતા દિપાવલીના દિવસોમાં ઘરે-ઘરે દિવડા અજવાસ પ્રસરાવતા હોય છે... દિવડાઓની હારમાળા એ દિપાવલી પર્વની ઉજવણીનો હાર્દ છે... દિપાવલીના આગમનના પગલે ગામે-ગામ દિવડા બનાવવાનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે... ગામે-ગામ માટીના કોડીયા ખૂબ જ કલાત્મક અને ધીરજપૂર્વક તૈયાર થઈ રહ્યા છે... સામાન્ય લાગતી આ કામગીરી કેવી અને કેટલી મહત્વની છે તે તો દિવાળીમાં જ સમજાય છે... પ્રકાશ પામવા માટે કેટલો સંઘર્ષ, કેટલો સંપ અને કેવું ઘડતર અનિવાર્ય છે... એવો સંદેશ આપતી આ તસવીર આત્મસાત કરવા માટે પર્યાપ્ત છે... દિવાળી એટલે માટીના સંપથી નિર્માણ પામતો દિવડો... અને એમાં તેલ અને રૂ સ્વયં બળીને જ્યોત સ્વરૂપે પ્રગટે છે ત્યારે પ્રકાશ પથરાય છે... બસ આવો જ પ્રકાશ આ શ્રમજીવી પરિવારના આંગણે પથરાય તે માટે આવો આપણે સૌ સંકલ્પ કરીએ કે આપણે સૌ આ દિવાળી પર્વે આ દિવડાની જ ખરીદી કરી ચીની બનાવટને જાકારો આપીએ....

## પ્રથમ પ્રશ્નપત્ર અઘરૂ નીકળતાં બીજામાં ૫૦ ટકા જ પરીક્ષાર્થી આવ્યા

### ગુજરાત જાહેર સેવા આયોગની વર્ગ ૧-૨ની પરીક્ષામાં વિકલ્પોના છાપકામમાં ભૂલ હતી કે મુદ્રણદોષ તેની ચર્ચાઓ ઉઠવા પામી

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત જાહેર સવા આયોગ દ્વારા આજે વર્ગ-૧ અને ૨ના અધિકારીઓની ભરતી માટે યોજાયેલી પ્રીલીમ પરીક્ષાના પ્રશ્નપત્રો અઘરા નીકળતાં ૫૦ ટકાથી પણ ઓછા પરીક્ષાર્થીઓએ આખી પરીક્ષા આપી છે.

સવારે ૧૧ થી ૧નું પ્રશ્નપત્ર જ એટલું અઘરૂ નીકળ્યું હતું કે પરીક્ષાર્થીઓએ ભારે માનસિક તનાવ અનુભવ્યો હતો અને બીજુ પ્રશ્નપત્ર આપવાનું જ ટાળી દીધું હતું. સનદી અધિકારીઓની ભરતી માટે યોજાતી યુ.પી.એસ.સી.ની પરીક્ષા જેવું જ પ્રશ્નપત્ર આજની પરીક્ષામાં પુછાયું હતું. ખુબ જ અઘરુ અને લાંબુ પ્રશ્નપત્ર હોવાથી પરીક્ષાર્થીઓમાં ઘણું બધું છુટી જવા પામ્યાની પણ ફરિયાદ ઉઠી હતી.

ગાંધીનગર જિલ્લામાં આ પરીક્ષા માટે ૭૯ કેન્દ્રો ઉભા કરાયા હતા. ૨૧૪૫૪ નોંધાયેલા પરીક્ષાર્થીઓમાંથી ૫૦ ટકા જેટલા પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા.

પ્રશ્નપત્રમાં મુદ્રણ દોષની ફરિયાદ પણ પરીક્ષાર્થીઓએ વ્યકત કરી હતી. જે વિકલ્પો આપવામાં આવ્યા હતા તેમાં એક વિકલ્પ સંપૂર્ણ બ્લેન્ક દર્શાવાયો હતો જે પરીક્ષાર્થીઓની સૌથી વધુ મૂંઝવણ ઉભી કરનારી બાબત હતી. પ્રશ્નો લાંબા અને વિચારીને ખૂબ જ ઊંડાણપૂર્વકની વિગતો સાથે લખવાના હોવાથી સમય પણ કેટલાક પરીક્ષાર્થીઓને ઓછો પડયો હતો.

આજની પરીક્ષા દરમિયાન જિલ્લામાં કોઈ જ અપ્રિય ઘટના કે પ્રશ્નપત્ર ફુટી જવાની ઘટના બની ન હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## જિલ્લામાં આજથી મિશન ઈન્દ્રધનુષ રસીકરણ અભિયાનનો બીજો તબક્કો આરંભાશે

ગાંધીનગર, તા. ૨૧

આજથી જિલ્લામાં મિશન ઈન્દ્રધનુષનો બીજો તબક્કો આરંભાઈ રહ્યો છે. ભારત સરકારના માર્ગદર્શન અન્વયે રસીકરણ અભિયાન દરમ્યાન છુટી ગયેલા બાળકો અને સગર્ભા માતાઓને આ અભિયાન તળે આવરી લેવામાં આવશે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ અંગે રચાયેલ ટાસ્કફોર્સની બેઠકમાં આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. જેમાં ૭૬ જેટલા સેશનમાં છુટી ગયેલા બાળકો અને સગર્ભા માતાઓને આવરી લેવામાં આવશે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે જિલ્લાના માણસા તાલુકામાં એક પણ બાળક કે સગર્ભા માતા રસી વગરનું સર્વે દરમ્યાન જણાઈ આવેલ નથી.

જિલ્લામાં ૧૧ ઓક્ટો.થી હાથ ધરાયેલ સર્વેમાં ૭૫ સગર્ભા માતાઓ અને ૪૩૨ બાળકો ત્રણ તાલુકામાં મળી આવ્યા છે. જેમાં ગાંધીનગરમાં ૦ થી ૨ વર્ષની વયના છુટી ગયેલા બાળકોની સંખ્યા ૨૧૫ છે જ્યારે કલોલમાં ૧૩૩ અને દહેગામમાં ૮૪ બાળકો છે.

સગર્ભા માતાઓ કલોલમાંથી ૩૭, ગાંધીનગરમાંથી ૩૧ અને દહેગામમાંથી ૭ મળી કુલ ૭૫ મહિલાઓ મળી છે.

મળતી વિગતો પ્રમાણે ઈટવાડા અને સ્થળાંતર કરી જિલ્લામાં આવેલ સગર્ભા માતા અને અભિયાનમાં છુટી ગયેલા બાળકો છે. જિલ્લામાં રસીકરણ અભિયાનને સારો પ્રતિસાદ સાંપડેલ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com